## Shri. C.N.P.F. Arts. And D.N. Science College, Dabhoi.

## ગુજરાતી core CC-211 સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ- એકાંકી

**Shri C.J. Thorat**

### ટુંકા અને વૈકલ્પિક પ્રશ્નો

૧. ‘ચંદ્રવદન મહેતાનાંપ્રતિનિધિ એકાંકીઓ’માં કુલ કેટલાં એકાંકીઓ છે?
૨. ‘ધારાસભા’કેવું એકાંકી છે અને તેનું પ્રયોજન શું છે?
૩. ‘હું પરમેશ્વર’ શેના પર આધારિત છે અને તેમાં કેટલાં પાત્રો છે?
૪. ‘માં’ કેવું નાટક છે અને તેમાં કોની વેદનાને વાચા અપાઇ છે?
૫. ‘અંતર-બહિર’ નો ધ્વનિ સ્પષ્ટ કરો.
૬. ચંદ્રવદનનું એકોક્તિની સામગ્રીસભર એકાંકી ક્યું છે અને તેમાં આવતાં પાત્રોનાં નામ આપો.
૭. ‘હોહોલિકા’ કેવા પ્રકારનું એકાંકી છે?
૮. આ સંગ્રહમાં ક્યું પદ્યાત્મક રૂપક છે?
૯. ‘અંતરજ્યોતિ’ કેવું રૂપક છે?
૧૦. ‘ધારાસભા’માં કોને નિમિત્ત બનાવીને કોની ઠેકડી ઉડાવી છે?
૧૧. ચંદ્રવદનનું નટીશૂન્ય એકાંકી કયું છે?
૧૨. ‘અંતર-બહિર’માં કયું પાત્ર વિશેષ નોંધનીય છે.
૧૩. ‘છેલ્લો દાવ’માં કયું પાત્ર અંતિમ બિંદુ છે?
૧૪. ‘અહમાચાર્ય’ની રચનાશેના પરથી થઇ છે?
૧૫. ‘અહમાચાર્ય’માં શો કટાક્ષ છે?
૧૬. ‘હું પરમેશ્વર’ શેના પર ઉપહાસ છે?
૧૭. જોરુભા કોને જતા રેહવાનું કહે છે? પણ તેનું પરિણામ શું આવે છે?
૧૮. ‘મા’ એકાંકીનો આરંભ કયાંથી થાય છે?
૧૯. મહેશનું મૃત્યુ કુદરતી હતું કે નહિ? શા માટે?
૨૦. ‘મા’માં નર્સના પાત્રની અગત્ય શી છે?
૨૧. ‘અંતર-બહિર’નો નાયક કોણ છે? તેના પ્રેમસંબંધ વિશે લખો.
૨૨. ‘છેલ્લો દાવ’ ના આરંભ વિશે લખો.
૨૩. અભિરથ શાથી ઘવાયો છે?
૨૪. આ સંગ્રહમાં કયું રેડિયો રૂપક છે?
૨૫. ‘અંતરજ્યોતિ’ એકોક્તિનું સ્વરૂપ કેવું છે?
૨૬. બ્રેઇલને મદદ કરવા લોકો કોના કહેવાથી તૈયાર થયા? મેરી કોણ છે?
૨૭. ચંદ્રવદનના ક્યાં એકાંકીઓનું વસ્તુ પ્રેરિત છે?
૨૮. ‘અંતર-બહિર’માં શો સંઘર્ષ છે?
૨૯. ‘મા’માં શો સંઘર્ષ છે?
૩૦. ગુજરાતી સાહિત્યના પ્રથમ એકાંકી લખનાર સર્જકનું નામ જણાવો.
૩૧. ઉમાશંકર જોષીના બે એકાંકી સંગ્રહના નામ લખો.
૩૨. જ્યંતિ દલાલના એકાંકીના નામ જણાવો.
૩૩. ગાંધી પ્રગના બે એકાંકી કાડના નામ જણાવો.
૩૪. ર.વ. દેસાઇના એકાંકીના નામ જણાવો.
૩૫. જમાઇ રાજા કોનું એકાંકી છે.

૩૬. શિવકુમાર જોષીના એકાંકીના નામ જણાવો.
૩૭. ચૂનીલાલ મડિયાના એકાંકીના નામ જણાવો.
૩૮. આધુનિક યુગના બે એકાંકીકારના નામ જણાવો.
૩૯. ‘હું પરમેશ્વર’ એકાંકી શેના પર આધારિત છે?
(અ) ઈતિહાસ (બ) વર્તમાન (ક) રાજકારણ (ડ)ઉદ્યોગપતિ
૪૦. ‘હોહોલિકા’ કેવા પ્રકારનું એકાંકી છે.
(અ) પ્રહસન (બ) ભવાઈ શૈલીનું (ક) પૌરાણિક (ડ)સામાજિક
૪૧. આ સંગ્રહમાં નટીશૂન્દ્ર એકાંકી કયું છે?
(અ) અંતરજ્યોતિ (બ) હું પરમેશ્વર (ક) ‘ધારાસભા’ (ડ)‘હોહોલિકા’
૪૨. ‘અંતરજ્યોતિ’ માં કોના ચરિત્રને રજૂ કરવામાં આવ્યું છે?
(અ) ટોલસ્ટોય (બ) બ્રેડલે (ક) ટોનિસન (ડ) બ્રાઈલ
૪૩. ડારિયા નિકોડોમીના એકાંકી પરથી ચંદ્રવદને કયું એકાંકી રચ્યું છે?
(અ) અહમાચાર્ય (બ) અંતરજ્યોતિ (ક) અંતરબહિર (ડ) મા
૪૪. ‘અહમાચાર્ય’ માં કોના પર કટાક્ષ છે?
(અ) વેપારી (બ) પ્રોફેસર (ક) રાજકારણી (ડ) સમાજસેવક
૪૫. આ સંગ્રહમાંના પદ્યાત્મક રૂપકનું નામ આપો.
(અ) અંતરજ્યોતિ (બ) ‘હું પરમેશ્વર’ (ક) અત્રલુપ્તા સરસ્વતી (ડ) અંતરબહિર
૪૬. ‘અહમાચાર્ય’ નો નાયક કોણ છે?
(અ) યોગેશ (બ) જયેશ (ક) નરેશ (ડ) મહેશ
૪૭. અભિરથની પત્નીનું નામ આપો.
(અ) મૃદુલા (બ) કમળા (ક)વિમળા (ડ) નયના
૪૮. આમાંથી કયા એકાંકીનું વસ્તુ પ્રેરિત છે?
(અ) ‘અંતરબહિર’ (બ) હું પરમેશ્વર (ક) અંતરજ્યોત (ડ) છેલ્લો દાવ
૪૯. આ સમગ્રહમાંના પદ્ય રૂપકનું નામ આપો.
(અ) હોહોલિકા (બ) હું પરમેશ્વર (ક) અત્રલુપ્તા સરસ્વતી (ડ) મા
૫૦. એકાંકીનાં મૂળ શેમાં છે?
(અ) સંવાદ (બ) સંસ્કૃત (ક) નાટક (ડ) કર્ટન રેઈઝર
૫૧. એકાંકીનો અંત કેવો હોવો જોઈએ?
(અ) ચમત્કૃતિજનક (બ) મધુર (ક) અર્ધ સ્પષ્ટતા કરતો (ડ) સરળ

# Shri. C.N.P.F. Arts. And D.N. Science College, Dabhoi.

## ગુજરાતી core CC-212 ‘દ્વિરેફની વાતો’

**Shri C.J. Thorat**

❖ **ટુંકા અને વૈકલ્પિક સવાલ**

૧. રા.વિ.પાઠકની જન્મતારીખ -વર્ષ જણાવો.
૨. રામનારાયણના જન્મ સમયે ગુજરાતી સહિત્યમાં કયાં નવપ્રસ્થાનો થયાં?
૩. રામનારાયણના માતાપિતાનાં નામ આપો અને જ્ઞાતિ જણાવો.
૪. રામનારાયણનો જન્મ કયાં થયો હતો? તેમના પિતાને કેટલાં સંતાન હતાં? તેમનું સ્થાન કેટલામું હતું?
૫. રામનારાયણનાં માતાપિતાનાં અવસાન કઇ સાલમાં થયાં હતાં?
૬. રામનારાયણનું પ્રથમ લગ્ન કઇ સાલમાં કોની સાથે થયેલું? તે સમયે તેમની વય કેટલી હતી?
૭. મેટ્રીક તથા બી.એ.ની પરીક્ષાઓ રામનારાયણે કયાંથી ઉત્તીર્ણ કરી હતી?
૮. રામનારાયણે એલ.એલ.બી કઇ સાલમાં કર્યું? તે પછી પ્રથમ વકીલાત કયાં શરૂ કરી?
૯. તેમના પ્રથમ પત્નીનું અવસાન કઇ સાલમાં શાથી થયું હતું?
૧૦. ગુજરાત વિદ્યાપીઠમામ રામનારાયણને કયા મહાનુભાવોનો પરિચય થયેલો?
૧૧. રામનારાયણને બીજા લગ્ન કોની સાથે કયા વર્ષમાં કર્યા હતાં?
૧૨. રામનારાયણનું અવસાન કઇ સાલમાં શાથી થયું હતું?
૧૩. રામનારાયણ વિ.પાઠકના બે વિવેચનસંગ્રહોનાં નામ આપો.
૧૪. રામનારાયણે કયા તખલ્લુસથી હળવા નિબંધો લખ્યા છે અને તે પુસ્તકનું નામ શું છે?
૧૫. રા.વિ.પાઠકના પિંગળશાસ્ત્ર વિષયક બે ગ્રંથોનાં નામ આપો અને તેમના એકાંકીસંગ્રહનું નામ આપો.
૧૬. રા.વિ.પાઠક કયા યુગના સાહિત્યકાર છે?
૧૭. રા.વિ.પાઠકના સમકાલીન સર્જક કયા છે?
૧૮. રા.વિ.પાઠક નું પ્રાથમિક શિક્ષણ કયા સ્થળેથી આરંભાયુ હતુ?
૧૯. રા.વિ.પાઠકે કઇ સાલમા મેટ્રીક ની પરીક્ષા પાસ કરી?
૨૦. રા.વિ.પાઠકનું અવસાન કઇ સાલમાં થયુ?
૨૧. રામનારયણ પાઠકનો જીવનકાળ જણાવો
(અ) ૧૮૮૭ થી ૧૯૫૫ (બ) ૧૯૭૫ થી ૧૯૫૦
૨૨. ‘શેષનાં કાવ્યો’ ઉપરાંત રા.વિ.પાઠકના બીજા કાવ્યસંગ્રહનું શું નામ છે?
(અ) અર્ધવિરામ (બ) ‘વિશેષ કાવ્ય’
૨૩. ‘દ્વિરેફની વાતો’ના કેટલા ભાગ છે ાને તેમાં લગભગ કેટલી વાર્તાઓ છે?
(અ) ત્રણ-પચાસેક (બ) ત્રણ-ચાળીસેક
૨૪. રા.વિ.પાઠકે કયા ઉપનામથી હળવા નિબંધો લખ્યા છે? તેમના આ પુસ્તકનું નામ શું છે?
(અ) રખડુ-રખડવાનો આનંદ (બ) ‘સ્વૈરવિહારી’-સ્વૈરવિહાર
૨૫. રા.વિ.પાઠકના જન્મ ને અવસાનના વર્ષો જણાવો.
(અ) ૧૮૮૭ – ૧૯૫૫ (બ)૧૮૬૦-૧૯૫૦
૨૬. રા.વિ.પાઠકનું અવસાન શાથી થયું હતું?
(અ) લકવાથી (બ)હૃદયરોગના હુલાથી
૨૭. રા.વિ.પાઠકનું આમાંથી કઇ કૃતિ મૌલિક નાટક છે?
(અ) દેવી અને રાક્ષસી (બ)કાકાની શશી
૨૮. રામનારાયણે શરૂ કરેલ સાહિત્યક સામયિકનું શું નામ હતું?
(અ)પ્રસ્થાન (બ) યંગ ઇન્ડિયા

૨૯. અમદાવાદમાં કઇ કોલેજમાં રમનારાયણે શિક્ષણસેવા આપી હતી?
(અ) નવગુજરાત (બ) એલ.ડી.આટર્સ
૩૦. ગાંધીયુગના આમાંથી કોના ગુરુ રામનારાયણ હતા?
(અ) સુંદરમ્ (બ) કનૈયાલાલ મુનશી
૩૧. આમાંથી કોણ રા.વિ.પાઠકને વિદ્યાપીઠમાં મળ્યું હતું?
(અ) કિશનસિંહ ચાવડા (બ)કાકા કાલેલકર
૩૨. રાવિ.પાઠકની લેખનની શરૂઆત કઇ સાલમાં થઇ ?
(અ) ૧૯૦૮ (બ) ૧૯૫૭
૩૩. રા.વિ.પાઠકની પ્રથમ કૃતિ કયા સામયિકમાં પ્રગટ થયેલી?
(અ) સાબરમતી (બ) ઊર્મિ અને નવરચના
૩૪. રા.વિ.પાઠકે ઉત્તર વયે કોની સાથે લગ્ન કર્યાં હતાં?
(અ) હીરાબહેન મહેતા (બ) ભાવનાબહેન મહેતા
૩૫. રા.વિ.પાઠક કયાં ને કયાં વર્ષમાં ભરાયેલી સાહિત્ય પરિષદમાં સાહિત્ય વિભાગના પ્રમુખ હતા?
(અ) ૧૯૩૮-કરાંચી (બ) ૧૯૪૨-અમદાવાદ
૩૬. રામનારાયણના સમકાલીન સીમાચિહ્નરૂપ ગુજરાતી નવલિકાકાર કોણ છે?
(અ) ઉમાશંકર જોષી (બ) ધૂમકેતુ
૩૭. રામનારાયણનો જન્મ કયાં થયો હતો?
(અ) ગાણોલ (બ) બદરખા
૩૮. આલ્ફ્રેડ હાઇસ્કુલમાં રામનારાયણ ભણતા હતા ત્યારે તેમની સાથે કોણ હતું?
(અ) નાનાભાઇ બટ્ટ (બ) ગિજુભાઇ બધેકા
૩૯. મુંબઇના ૧૯૧૧માં રામનારાયણ સાથે કોણ રહેતું હતું?
(અ) નરહરિ પરીખ (બ) નાનાભાઇ ભટ્ટ
૪૦. રામનારાયણે કઇ સાલમાં વિદ્યાપીઠમાંથી રાજીનામું આપ્યું હતું?
(અ) ૧૯૨૭ (બ) ૧૯૨૮
૪૧. એલ.ડી.આટ્ર્સ કોલેજમાં તેમણે કેટલાં વર્ષ સેવા આપી હતી?
(અ) આઠવર્ષ (બ) નવ વર્ષ
૪૨. નીચેનામાંથી કોના સહિત્યગુરુ રામનારાયણ હતા?
(અ) દુર્ગેશ શુકલ (બ) સ્નેહરશ્મિ
૪૩. રા.વિ.પાઠકના જીવનની મહત્વની કઇ ઘટના છે?
(અ) ગુજરાત વિદ્યાપીઠમા આગમન (બ) પત્નીનું અવસાન

**નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પુરી વાક્ય ફરીથી લખોઃ**

૧. રા.વિ.પાઠકે પ્રથમ પત્ની ગુજરી જતાં......... સોનેટ રચ્યું હતું.
૨. જે.એલ.ઇંગ્લિશ સ્કૂલ બંધ થતાં રામનારાયણ............. માં જોડાયા હતા.
૩. વિદ્યાપીઠમાં રામનારાયણ .......... માસિકનો સહિત્ય વિભાગ સંભાળતા હતા.
૪. સ્વદેશીની ચળવળ સમયે ...... માટે રામનારાયણને જેલ થઇ હતી.
૫. છ માસ પછી જેલમાંથી છૂટતાં રામનારાયણે......... નું તંત્રીપદ સંભાળ્યું હતું.
૬. હીરાબહેન સાથેના લગ્નમાં લગ્ન માટેનો આગ્રહ .......... નો હતો.
૭. ગુજરાત વિદ્યાપીઠ રામનારાયણ ............. અને ............. શીખવતા.

**Shri. C.N.P.F. Arts. And D.N. Science College, Dabhoi.**

## ગુજરાતી **core CC-213** મધ્યકાલીન સહિત્યનો ઇતિહાસ

**Smt. L.N.Patel**

### ટુંકા પ્રશ્નો

૧. અખાનો સમય દર્શાવો.
૨. અખો કયાંનો વતની હતો?
૩. અખો શેનો વ્યવસાય કરતો હતો?
૪. અખો કઇ જગ્યાએ નોકરી કરતો હતો?
૫. અખાની પહેલી કૃતિનું નામ આપો.
૬. "જ્ઞાનીને કવિતા ન ગણેશ" કહેનાર જ્ઞાની કવિ કોણ છે?
૭. અખાની મુખ્ય બે કૃતિના નામ આપો.
૮. કૈવલ્ય ગીતાના કર્તાનું નામ શું છે?
૯. અખાએ કયા કાવ્યપ્રકારમાં મહત્વપૂર્ણ કામ કર્યુ છે?
૧૦. 'ચિત્તવિચાર સંવાદ' કોની રચના છે?
૧૧. અખાની બે હિંદી રચનાઓના નામ આપો.
૧૨. અખો કયા વેદાતસિંધ્ધાંતને અનુસરે છે?
૧૩. અખાની કઇ રચના લોકપ્રિય બની છે?
૧૪. 'અખેગીતા'માં કેટલાં કડવાં છે?
૧૫. 'જ્ઞાનગીતા'ના સર્જકનું નામ આપો.
૧૬. કવિ પ્રીતમે કઇ રચના આપી છે?
૧૭. કાફી નામે જાણીતી લઘુ પદરચનાઓ કયા કવિએ આપી છે?
૧૮. કવિ ભોજાએ કયા કાવ્ય સ્વરૂપમાં ખેડાણ કર્યુ છે?
૧૯. વિશ્વનાથ જાનીની કોઇ પણ બે રચનાઓના નામ આપો.
૨૦. વલ્લભ મેવાડાનો સમય લખો.
૨૧. કવિશ્રી પ્રેમાનંદના પિતાનું નામ શું હતું?
૨૨. પ્રેમાનંદનો વ્યવસાય કયો હતો?
૨૩. પ્રેમાનંદ કયાં સુધી કથા કરવા જતા?
૨૪. પ્રેમાનંદે કઇ પ્રતિજ્ઞા લીધી હતી?
૨૫. પ્રેમાનંદની મહાભારત આધારિત કૃતિનાં નામ આપો.
૨૬. પ્રેમાનંદની કઇ કૃતિ અધૂરી છે?
૨૭. પ્રેમાનંદની મહત્ત્વની કૃતિ કઇ છે?
૨૮. 'રણયજ્ઞ' શેના ઉપર આધારિત કૃતિ છે?
૨૯. 'સ્વર્ગની નિસરણી' કોની કૃતિ છે?
૩૦. પ્રેમાનંદને કયું બિરૂદ સાંપડયું છે?
૩૧. આખ્યાનનાં બાહ્ય લક્ષણો કયાં છે?
૩૨. આખ્યાનના બે આંતરિક લક્ષણોના નામ આપો.
૩૩. શામળ કઇ જ્ઞાતિનો હતો.
૩૪. શામળના પિતાનું નામ આપો.
૩૫. શામળે વાર્તા લખવાની શરૂઆત કઇ ઉમરે કરી હતી ?

૩૬. શામળની પાંચ પદ્યવાર્તાનાં નામ આપો.
૩૭. શામળની પહેલી વાર્તા કઇ?
૩૮. શામળની પૌરાણિક કૃતિનાં નામ આપો.
૩૯. શામળની પ્રચલિત વાર્તાનું નામ આપો.
૪૦. શામળની પ્રકીર્ણ રચના કઇ છે?
૪૧. કયો કવિ વાણિયાનો કવિ છે?
૪૨. શામળે પદ્યવાર્તા ઉપરાંત બીજો કયો કાવ્યપ્રકાર ખેડ્યો છે?
૪૩. દયારામનું જન્મ સ્થળ જણાવો
૪૪. મધ્યકાલના છેલ્લા તેજસ્વી કવિનુંનામ આપો.
૪૫. દયારામના પિતાનું નામ આપો.
૪૬. દયારામના માતાનું નામ આપો.
૪૭. દયારામના ગુરૂનું નામ આપો.
૪૮. દયારામની વ્રજભાષામાં લખાયેલી કૃતિનાં નામ આપો.
૪૯. દયારામે કઇ આખ્યાનકલ્પ કૃતિઓ આપી છે?
૫૦. દયારામે શુધ્ધદ્વૈત સિધ્ધાંતનું તાત્વિક નિરૂપણ કરતો કયો ગ્રંથ રચ્યો છે?
૫૧. દયારામની કઇ રચના ખૂબ જ લોગપ્રિય છે?
૫૨. કયા સર્જકે દયારામને ગુજરાતની ‘શ્રેષ્ઠ ગોપી’ કહી છે?
૫૩. દયારામના આરાધ્ય દેવ કોણ છે?